GJJN010024512025

દાખલ તારીખ –૨૭–૧૧–૨૦૨૫
રજી. તારીખ – ૨૭–૧૧–૨૦૨૫
ફેસલ તારીખ –૦૩–૦૯–૨૦૨૬
સમય ગાળો : વર્ષ માસ: દિવસ:
૦૦ – ૦૯ – ૦૭

**જૂનાગઢના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : જૂનાગઢ**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૮૦૭/૨૦૨૫.**

**આંક :–૦૯**

હિતેનભાઈ જીતેદ્રભાઈ અભાણી,
ઉ.વ.આ.૩૭,ધંધો–વેપાર,
રહે.મધુરમ નગર આંબાવાડી,આનંદ એપા.પાછળ,
કેશોદ. **અરજદાર.**

**–:: વિ રૂ ધ્ધ ::–**

(૧) શ્રી સરકાર
થ્રુ ડી.જી.પી.સેશન્સ કોર્ટ જુનાગઢ.
(૨) રમેશકુમાર ઉર્ફે લાલભાઈ દેવચંદ કારીયા,
રહે.આનંદ એપા.પાછળ,મધુવનનગર,કેશોદ
(૩) દિપકકુમાર ઉર્ફે કારો રમેશકુમાર કરીયા,
રહે.આનંદ એપા.પાછળ,મધુવનનગર, કેશોદ. **સામાવાળા.**

બાબત : લીમીટેશન એકટની કલમ–૫ મુજબ ડીલે કોન્ડોન મંજુર કરવા અંગે..

| | |
|---|---|
| અરજદાર તરફે | : વિ.વકીલશ્રી જે. ડી. ગોરસીયા. |
| સામાવાળા નં.–૧ તરફે | : વિ. પી. પી. શ્રી એન.કે.પુરોહીત. |
| સામાવાળા નં.–૨,૩ તરફે | : –– |

**– :: ઠ રા વ ::–**

(૧) સદરહુ અરજીથી અરજદારે, વિ. બીજા ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, જૂનાગઢના ફોજ. કેસ નં. ૨૭૯૨/૨૦૧૪ ના કામે તા.૨૩–૦૩–૨૦૨૫ ના રોજ કરેલ હુકમની સામે અપીલ દાખલ કરવામાં ૧૦–દિવસનો વિલંબ થયેલ હોય વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

(૨) વિલંબ માટેના કારણો અરજીમાં દર્શાવેલ મુજબ અપીલ કરવામાં વિલંબ થયેલ છે, જે વિલંબ કોઈ દુર્ભાવના કે બેદરકારીના કારણે થયેલ નથી, પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે અરજદાર એવી માન્યતા ધરાવતા હતા કે ફોજદારી અપીલ દાખલ કરવા સરકારી વકીલશ્રી, કલેક્ટરશ્રી અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી તથા અભિપ્રાય મેળવવો જરૂરી છે. તાજેતરમાં કાયદાના નિષ્ણાતનો અભિપ્રાય મેળવતા જાણવા મળેલ કે આવી અપીલ કરવા માટે કોઈ પૂર્વ પરવાનગી મેળવવી જરૂરી નથી. આ ગેરસમજના કારણે થયેલ વિલંબ દરમિયાન અધિકારીશ્રીઓ સાથે કરવામાં આવેલ પત્રવ્યવહાર તથા સંબંધિત દસ્તાવેજોની સંપૂર્ણ વિગતો દસ્તાવેજી પુરાવા તરીકે રજૂ કરવામાં આવેલ છે. તેથી વિલંબના ઉપરોક્ત વાજબી અને પૂરતા કારણો તથા હાલની ફોજદારી અપીલમાં સફળ થવાની પ્રબળ સંભાવના ધ્યાને લઈ ન્યાયના હિતમાં થયેલ વિલંબ માફ કરી હાલની અપીલ રજીસ્ટરે લેવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા નં.–૧ તરફે વિ. પી. પી.શ્રી એન. કે. પુરોહીત હાજર થયેલા છે. જ્યારે સામાવાળા નં.–૨, ૩ નાઓને નોટીસ બજેલ છે.પરંતુ, તેઓ તરફે કોઈ હાજર રહેલા નથી.

(૪) અરજદાર તરફે વિ. વકીલશ્રી જે.ડી.ગોરસીયાને

સાંભળવામાં આવેલ છે અને તેઓએ તેમની અરજી મુજબની રજુઆત કરેલ છે.

(૫) જયારે સામાવાળા નં.–૧ તરફે વિ. પી.પી.શ્રી એન.કે. પુરોહીતની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) બન્નેના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી, રેકર્ડ વંચાણે લીધુ. અરજદાર તરફે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ અંગેના કારણોમાં કાયદાની અજ્ઞાનતાના કારણે અરજદાર એવી માન્યતા ધરાવતા હતા કે ફોજદારી અપીલ દાખલ કરવા સરકારી વકીલશ્રી, કલેકટરશ્રી અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી તથા અભિપ્રાય મેળવવો જરૂરી છે. કાયદાના નિષ્ણાતનો અભિપ્રાય મેળવતા જાણવા મળેલ કે આવી અપીલ કરવા માટે કોઈ પૂર્વ પરવાનગી મેળવવી જરૂરી નથી. આ ગેરસમજના કારણે ૭–માસ, ૧૧–દિવસનો વિલંબ થયેલ છે જે માફ કરવા અરજ કરેલ છે. ત્યારે વિવિધ ઉચ્ચ અદાલતોએ વિલંબથી અપીલ દાખલ કરતા સમયે વિલંબ અરજીમાં વધુ હાઈપર ટેકનીકલ ન થઈ ઉદાર અભિગમ અપનાવવો જોઈએ અને અપીલ તે કાયદેસરનો હકક છે તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે ત્યારે આ હાથ ઉપરના કેસમાં પણ વિલંબ થયા અંગેનુ જે કારણ દર્શાવેલ છે તે ધ્યાને લેતા અપીલએ કાયદેસરનો હકક છે ત્યારે નામદાર ઉચ્ચ અદાલતોએ વિવિધ કેસોમાં વિલંબ સબંધેની આ પ્રકારની અરજીમાં ઉદાર અભિગમ અપનાવવો જોઈએ તેવુ ઠરાવેલ છે તે સિધ્ધાંત ધ્યાને રાખી અરજદારને તેઓની વિરૂધ્ધ થયેલ હુકમને પડકારવા માટે અને રજુઆત કરવા માટે પુરતી તક મળે તે હેતુથી ન્યાયના હીતમાં થયેલ વિલંબ રજુ કારણો ધ્યાને લેતા કોસ્ટ સાથે વિલંબ માફ કરવો ઉચિત જણાય છે. વધુમાં કાયદાની જોગવાઈ મુજબ અપીલની જોગવાઈ હોય અને અપીલ એ કાયદેસરનો હકક હોય ત્યારે ઉપરોકત ચર્ચાના અંતે અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) હાલની અરજી ''મંજુર'' કરવામાં આવે છે.

(૨) અરજદારે હાલની અરજીની કોસ્ટ પેટે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જૂનાગઢના કોસ્ટ ફંડમાં રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) જમા કરાવ્યેથી વિલંબ માફ કરવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૩) અરજદાર/એપેલેન્ટ તર્ફે કોસ્ટની રકમ ભરપાઈ થયેથી ક્રિમીનલ અપીલ રજીસ્ટરે નોંધવી.

હુકમ આજ તા. ૦૩ જી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા.૦૩–૦૯–૨૦૨૬.

**( હિતેષકુમાર ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. સેશન્સ જજ
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)